વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૫ : અંક - ૧૪ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જુલાઈ - ૨૨, ૨૦૧૭

# શટરને તો તાળા માર્યા, પણ અમારાં પેટને શે તાળા મરાય ?

***- ગીતાબહેન, માથોડા કામદાર આગેવાન***

માથોડા કામદાર આગેવાન ગીતાબહેન મોઢુ વકાસીને પાંચ કૂવા કાપડ બજારના શટરના લાગેલા મોટ્ટા તાળા સામે જોઈને કકળી ઉઠ્યા. આટલા વર્ષોમાં પહેલીવાર કાપડ બજારના મુખ્ય દરવાજાને તાળું લાગ્યું હતું. વાહનો અને માલથી ધમધમતો આખો વિસ્તાર ભેંકાર દીસતો હતો. ગીતાબેનની સાથે ભારતીબેન, લક્ષ્મીબેન ને ઘણાં બીજા માથોડા કામદાર બહેનો હતા. જે માથોડા કામદારોના હાથ-પગ માલ ઉચકવા અને ફેરા કરી બે ટાઈમના રોટલા રળવામાં દિવસ આખો જોતરાયેલા હોય ત્યાં ૨૭ દિવસથી બજાર બંધ હોય તો વિચારો આ માથોડા કામદારના ઘરના ચૂલા કેમના સળગે ને પેટની આગ કેવી રીતે ઠરે ?

સરકાર જી.એસ.ટી. એટલે ગુડ્સ એન્ડ સર્વીસ ટેક્સ એટલે કે માલસામાન અને સેવા પર અમલમાં મૂકવાનો કર લાવી. એની સમજ તો હજુ કેળવાઈ રહી છે પરંતુ તે પહેલાં કાપડ બજાર પર પડી રહેલી અસરની સામે વેપારીઓએ સખત વિરોધ નોંધાવ્યો ને જડબેસલાક બંધનું એલાન કરી દીધું. સૂરતમાં આંદોલનના મંડાણ થયા પણ એની અસર તો આખા ય રાજ્યમાં ફેલાવવાની જ એ સ્વાભાવિક છે. મોટા વેપારીઓને નુકસાન થાય તેની સામે નાના કામદારો, માથોડા કામદારોના નુકસાનનો તાળો મેળવવો અઘરો છે. રોજ લાવીને રોજ ખાનાર આ કામદારવર્ગ વેપારીઓને પોતાની વિતક કેમની સમજાવી શકે ? વેપારીઓ સાથે મસલત કરીએ તો કહે, મજૂરી વિના પૈસા કેવી રીતે આપી શકાય ?

૭૫% માથોડા કામદાર બહેનો રોજની મજૂરી પર ઘર ચલાવે છે. બીજી કરુણતા એ કે, માથોડા કામદારોમાં ઘરમાંથી ૨-૪ જણાં આ એક જ કામ સાથે જોડાયેલા હોય એટલે આખું પરિવાર બેકાર થઈ જાય. બધાની આમદની બંધ એટલે ખાલી ખિસ્સા ને ઠાલા ઠામ.

ઘણાં બહેનો વ્યાજે પૈસા લાવીને ઘર ચલાવે છે પણ સામે વ્યાજ ને હપતો કેવી રીતે ચૂકવવાનો એની ય ચિંતા એટલી જ. ઘણાં બહેનોએ રૂડીમાંથી અનાજ ને બીજી ઘરવખરી ઉધાર લીધી છે. પણ આ બધું કેટલું ચાલવાનું ? બાળકોની શાળાની ફી ને એમના ખર્ચાનું શું ?

ટીનાબહેને થોડીક હિંમત કરીને ટેંપો છોડાવ્યો છે. ૧૦ મજૂરો રાખ્યા છે. પણ હાલ તો હપતા ભરવાની તજવીજ કરવી પડે છે. મજૂરોને પણ રોજી ચૂકવવી પડે છે. કામ વિના આ પૈસાનો મેળ ક્યાંથી કરવો એ વિચારોથી મન ગુમસુમ થઈ જાય છે.

બહેનો રોજ ભેગા થાય છે. વેપારીઓની વાતો સાંભળે છે. હજુ તો રેલીઓ યોજાવાની છે. બે-ત્રણ મહિના બજાર બંધ રહેશે તેવી વાયકા ફેલાઈ રહી છે. બે-ત્રણ મહિના ?! માથોડા કામદાર બહેનોને તો આ સાંભળીને પેટમાં ફાળ પડી છે. હવે શું થશે તે વિચારી રહ્યા છે. ઘર કેમ ચાલશે, ઘરનો ચૂલો કેમ પેટાશે એનો વલોપાત છે.

સરકારને એટલું પૂછવાનું મન થાય કે અહીંયા અમે સરકારની નીતિનો વિરોધ નથી કરી રહ્યા પણ કોઈ પણ નીતિની માઠી અસર પહેલાં તો સીધી અસંગઠિત ક્ષેત્રના કામદારો પર પડે છે. નીતિ ઘડતી વખતે આ કામદારોનો વિચાર કેમ નથી કરતા ? જો થોડું આગોતરું આયોજન કરીને તજવીજ થાય તો ગરીબ કામદારોને હાલાકી ના પડે.

નોટબંધીની અસરનો અનુભવ આપણને સહુને છે જ એની હજુ માંડ કળ વળી છે. ત્યાં જી.એસ.ટી.નો કમરતોડ ફટકો કામદારોને પડી રહ્યો છે. જલ્દી કોઈ રસ્તો નીકળે ને કાપડ બજારે લાગેલા શટરના તાળા તૂટે તો ઠાલા ઠામમાં અન્નના દર્શન થાય.

*- લીના*

❑

# નવા કાયદા નાંખો પણ કામદારોને તો નજરમાં રાખો ?

છેલ્લાં કેટલાય મહિનાઓથી આપણે સાંભળતા આવ્યા જી.એસ.ટી. જી.એસ.ટી. જી.એસ.ટી. (ગુડ્સ એન્ડ સર્વીસ ટેક્સ એટલે કે માલસામાન અને સેવાકીય કર) તેની કાઉન્સિલે દેશભરમાં બેઠકો કરી. કદાચ શ્રમજીવી કામદારો જોડે આવી બેઠક થઇ હોત તો આપણે અગમચેતી અને વ્યૂહરચના ઘડી શક્યા હોત. કાંઇક તો આપણી વાત પણ રજૂ કરી શક્યા હોત. હવે તો માથે પડેલું અનુભવવું જ રહ્યું. હજી કદાચ શરુઆત છે. વહેલું છે. પણ અનુભવ કાંઇક કહે છે કે કદાચ ફરીથી ગરીબીમાં તો નહીં ફેંકાય જઇએ :

શાકભાજી, અનાજ ને દૂધ ઉપર જી.એસ.ટી. ૦ ટકો છે. એટલે ખેડૂતે ભરવાનો નહીં અને જે ખરીદે તેણે પણ નહીં. ખેડૂતને ફાયદો તો જ થશે જો લઘુત્તમ ખરીદભાવ સરકાર બાંધશે. નહીં તો શાકભાજી ઉગાડનાર, અનાજ પકવનાર ભૂખ્યા રહેશે, ને શાકભાજી ને અનાજના ભાવ આસમાને જશે. હવે નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ દ્વારા ખેડૂત ઓનલાઇન દેશભરમાં ક્યાંય પણ વેચી શકશે. હા, ચોક્કસ પણ ખેડૂતની સોદાશક્તિ હશે તો ને ! નહીં તો સોદા ઓનલાઇન એકબીજા રાજ્યોના વચેટીયા ને વેપારીઓ કરશે ને ફાયદો મેળવશે. ખેડૂત તો ભૂખ્યો ને ભૂખ્યો.

તો બીજી તરફનો અનુભવ પણ કેવો છે. નાના મંડળો ઉત્પાદન કરે. વણાટનું, પાપડનું જે ઓનલાઇન વેચાણની શરુઆત કરી. જેથી આ શ્રમજીવી ગામડાંના ઉત્પાદકોના ગામડે બેઠા બજારે મળે. હવે તો એ નાના નાના ઉત્પાદકોને પણ જો ઓનલાઇન વેચાણ કરવું હોય તો જી.એસ.ટી.માં નોંધણી કરાવવી પડશે. નહીં તો આ વેચાણની તક જશે !! કેવો કમરતોડ માર પડ્યો. આ તે કેવો આર્થિક વિકાસનો રસ્તો ??

અત્યારે તો બહુ મુંઝવણ છે. તો શહેરમાં કાપડ બજારના માથોડા કામદારોને જી.એસ.ટી.નો ઘા વાગ્યો. કાપડના વેપારીઓએ બજાર બંધ થઇ. આ માથોડા કામદારોની રોજી બંધ કરી. આજે તો ઉધાર લઇને બે ટંક પેટ ભરે છે !

તો સિલાઇ કામદારોને ૧૦૦/- રૂા.માંથી હવે વેપારી ૭૦/- રૂા. ચૂકવશે કારણ જોબવર્ક ઉપર ૨૫% ટેક્સ લાગશે.

વળી,વેચનારા માટે અત્યારે ફૂલ સીઝન છે ત્યારે નવો માલ નથી આવતો.

આશા રાખીએ આ ટૂંકાગાળાની સમસ્યા રહે. કોઇક તો આપણી મુંઝવણ ને સમસ્યાને સમજશે ?

*- રીમા, જયા, ઉષા, છાયા*

❑

# સેવા બેંકની સાધારણ સભાની સાથે-સાથે

***સભાસદ બહેનોના બે બોલ :***



- ***વેચનાર કાન્તાબહેન કહે છે કે,*** મારા દાદી રાજીબહેન સેવાબેંકના સભ્ય હતા અને મારી મા લક્ષ્મીબહેન ગફુરભાઇ બોર્ડ ડિરેક્ટર હતાં ને આજે હું ‘સેવા’ની ત્રીજીપેઢી સેવાબેંકના બોર્ડમાં ચૂંટાઇ આવી છું. હું પણ ‘સેવા’ની આગેવાન બનીને હવે મારા જેવા વેચનાર બહેનોને બચત અને લોનની માહિતી આપીશ. વધુ ને વધુ બહેનોને બેંક સાથે જોડીશ.



- ***ખેતી અને પશુપાલન કરતાં લાભુબહેન કહે છે કે*** મારા ગામમાં બહેનો ખેતી અને પશુપાલન કરે છે તેમને હું બેંક સાથે જોડીશ અને આજે જે મે નાણાંકીય આયોજનની ફિલ્મ જોઇ એટલે મને વધુ સમજ પડી હવે પૈસાની ગોઠવણ કેવી રીતે કરવી તે સમજાવીશ.

- ***ખાખરા બનાવનાર ગીતાબહેને કહ્યું કે,*** હું પણ બીજી પેઢી છું ને સેવા બેંક સાથે જોડાયેલી છે. મારી માએ મકાન માટે લોન

લીધી હતી. ને અમને ચારેય ભાઇ-બહનોને ભણાવ્યા અને અમને સાસરે વળાવ્યા. અમને પણ સેવા બેંકમાંથી લોન અપાવીને ઘરનું ઘર કરાવ્યું. મારે તો એક જ વાત કહેવી છે કે લોન લો પણ તેના હપતા સમયસર ભરવા જોઇએ.



- ***રાણીપના મીનાબહેન ક્રિશ્ચયનકહે કે હું તો શેરીસખી છું.*** હું મારા વિસ્તારમાં બ્યુટીપાર્લર ચલાવું છું અને બહેનોને બ્યુટીપાર્લરની તાલીમ પણ આપું છું. બહેનો તાલીમની સાથે-સાથે બેંક સાથે પણ જોડ્યા છે. હવે બહેનો બચત કરતા થયા છે. અમારા વિસ્તારમાં ખાનગી વ્યાજખોરો પાસેથી ઘણી બહેનો ૧૫ ટકા વ્યાજે પૈસા લે છે. આવા બહેનોને બચતની માહિતી આપી. દેવામાં ડૂબેલા બહેનોને મુક્ત કરવાનું કામ કરું છું.



***નિગારબહેન કહે છે કે*** બેંકે મને બચત કરતા શીખવ્યું. સાસરીમાં રૂ.૫ની બચત કરતા કરતા આગળ આવી. ત્રણ દીકરીઓને બેંકની મદદથી સારી રીતે ભણાવી ને પરણાવી. ૨૫ બહેનોને લોન અપાવી છે. દરેક બહેન નિયમિત હપતા ભરે છે. હું તો બહેનોને કહું છું કે શાહુકારો પાસેથી વ્યાજે પૈસા લેવા કરતાં બહેનો લોનો ઉપાડો અને લોનો ભરો.



***નારોલ વિસ્તારના હંસાબહેને જણાવ્યું કે*** –૧૫ વર્ષથી બેંક સાથે જોડાયેલી છે. હું કાગળ કામદાર બહેન છું. રસ્તા પરથી કાગળ કચરો વિણી મારું ગુજરાન ચલાવું છું. જેમાંથી રોજના ૧૦ રૂપિયા બચાવીને બેંકમાં બચત કરી લોન લઇને બાળકોના કામ કાઢ્યાં છે. ને હવે મારા જેવા બીજી ઘણાં બહેનોને મેં બેંકમાં ખાતા ખોલાવ્યાં છે.

- ***ચમનપુરાના ગંગાબહેન પટણી કહે છે,*** હું શાકભાજીનો ધંધો કરું છું. મારા ઘરવાળા પણ ધંધો કરે છે, હમણાં મારા ઘરવાળાએ એક લાખ રૂપિયા ૧૦ ટકાના વ્યાજે લીધા હતાં. જેનું થોડા દિવસો વ્યાજ ભર્યુ. પછી મે સેવા બેંકમાંથી લોન લઇને દેવામાંથી મુક્ત થઇ છું.



- ***માધુપુર બેંકના બેંક સાથી મીનાબહેન સોલંકી કહે છે કે,*** હું ૧૯ વર્ષથી સેવાબેંક સાથે જોડાયેલી છું. વિસ્તારમાં બહેનોને બચતની માહિતી આપી બચત કરતા શીખવ્યું છે ને ઘણી બહેનો હવે ૧૦૦ થી ૫૦૦ રૂપિયા સુધીની બચત કરતી થઇ છે. હવે મારી જેમ બહેનોને બૅન્ક સાથી તરીકે તૈયાર કરું છું. ને હજુ વધારે બહેનોને બેંક સાથે જોડવી છે.

આ વર્ષે બૅન્કના નવા પ્રતિનિધિઓની વરણી કરવામાં આવી. મોટાભાગના પ્રતિનિધિ ૧૨ વર્ષ બૅન્ક સાથે જોડાયેલા રહ્યા તે તમામનો આભાર માની તેમની જગ્યાએ નવા પ્રતિનિધિઓની નિમણૂંક કરવામાં આવી. અંતમાં જયશ્રીબહેન અને સભામાં આવેલા તમામ બહેનોએ 'અમે પાર કરીશું' ગીત ગાઇને સભાનું સમાપન કર્યુ.

- ***ગોમતી***

❑

### સેવા બેંકે ધિરાણ કરેલ બહેનોના વિવિધ વ્યવસાય

માથોડા મજૂરી, જૂના કાપડ વેચાણ, પેન્સીલ બનાવનાર, મચ્છી વેચનાર, ઘરકામ મજૂરી, અગરબત્તી બનાવનાર, ભંગારની લારી, બાંધકામ મજૂરી, કાપડની ફેરી, કેરોસીનની ફેરી, બટાટાની કાતરી બનાવનાર, લાકડાનું પીઠું, ઇન્ટરલોકનું કામ, અંબરચરખો ખરીદવા, મમરા-પૌંઆ બનાવનાર, ભરત-ગુંથણ/મોતીકામ, કચોરી-દહીવડાની હાટડી, દૂધ-દહીની દુકાન, પસ્તી, લુહારી/સુથારી, ટાઇપીંગ-ડુપ્લીકેટીંગ, રીબીનો બનાવનાર, સોપારીનો ચૂરો કરનાર, કરિયાણાનો ટોપલો, બ્યુટીપાર્લરના સાધનો, રીક્ષા ખરીદવા, એડવર્ટાઇઝીંગ એજન્સી, સંડાસ બાથરૂમ બનાવવા, પૂંઠાના બોક્સ બનાવવા, ફ્રીઝ, ટી.વી., સ્કુટર ખરીદવા, અનાજ ભરવા, ફર્નિચર બનાવવા, ગોટલી વેચનાર, ટાયરોના ધંધા માટે, ગ્રાફિક્સ-પ્રિન્ટીંગ પ્રેસ ચલાવવા, લેપટોપ ખરીદવા માટે, દવાખાના માટે, હાથલારી ખરીદવા માટે, બરફની લારી, ખાખરા બનાવવા, વણકર/વાંસકામ, દૂધ ઉત્પાદન, ડીટરજન્ટ પાવડર બનાવવા, છાપા વેચનાર, રાખડી બનાવનાર, ટાઇલ્સ લાદીની દુકાન, ફોટોગ્રાફીના સાધનો, લેથમશીન, પ્લાસ્ટીકની ચીજોનું વેચાણ, ઘર ખરીદી/રિપેર, શરબત બનાવનાર, ચકડોળ ફેરવનાર, બુક બાઇન્ડીંગ, મોચીકામ, આટાની ઘંટી, ઈંટો પાડનાર, માટલા બનાવનાર, ફરસાણની લારી, પાણીની પરબ, વીશી માટે (રસોઇ), કટલરીના ધંધા માટે, પાનના ગલ્લા માટે, આંગણવાડીના સાધનો માટે, ફટાકડાનું વેચાણ, સર્જીકલ સાધનો, પતંગ-દોરીના વેચાણ, ઘોડિયાઘર, ખેતી માટે, ઈંડા-મચ્છી-શાકભાજી વેચનાર, ફળફૂલ વેચનાર, બિસ્કીટ બનાવનાર, નદીની રેતી ચારનાર ગધેડાવાળા બહેનો, ઇલેક્ટ્રીક સાધનો/મીક્સર કુકરનું વેચાણ, શિક્ષણ માટે (સ્કૂલની ફી ભરવા માટે), ખોળ તૈયાર-કપડાં સીવનાર, બિસ્કીટના ધંધા માટે, ભેંસ ખરીદવા માટે, કેન્ટીન માટે, કેબીન માટે, કોમ્પ્યુટર માટે, દેવું ચૂકવવા માટે, લાઇટ કનેક્શન માટે, કેરોસીનના ધંધા માટે, કરિયાણાના ધંધા માટે, કેરીના ધંધા માટે, હસ્તકલાની વસ્તુઓના ધંધા માટે, ચંપલના ધંધા માટે, ગેરેજ માટે, મેટાડોર માટે, દૂધના ધંધા માટે, પાનના ગલ્લા માટે, પ્લાસ્ટર બનાવવા માટે, પેઇન્ટીંગના ધંધા માટે, રીક્ષા ખરીદવા માટે, સાડીના ધંધા માટે, ટાઇપરાઇટર ખરીદવા માટે, ઝેરોક્ષ મશીન માટે, સાયકલોની દુકાન/સ્પેર્સ, ત્રાજવા-કાટલા, તોલકાંટા માટે, શીંગ-ચણાની લારી, મંગળસૂત્ર ને ચાંદીના દાગીના બનાવનાર, સોલાર લાઇટ, સોલાર ફાનસ, સોલાર કુકર, સરાઇ કુકર, સોલાર વોટરપંપ

# "મારી બેંક, સેવા બેંક !" વાર્ષિક સભામાં ઉદ્‌ગાર

દર વર્ષની જેમ આ વર્ષે પણ બેંકની વાર્ષિક સાધારણ સભા અમદાવાદના ટાઉનહૉલ ખાતે તા. ૨૯-૬-૨૦૧૭ના રોજ યોજાઇ. આ વર્ષે સેવાબેંકને ૪૩ વર્ષ પૂરાં થયા. હૉલમાં નીચે નજર માંડી તો બહેનોનો મહેરામણ જામ્યો હતો. હાલમાં જ વડોદરા, હિંમતનગર અને નડિયાદમાં તાજેતરમાં ત્રણ નવી શાખાઓ શરું થઇ ત્યાંના સભાસદ બહેનો પણ પહેલી વખત જોડાયા એટલે તેમનો ઉત્સાહ પણ અનેરો હતો.

વર્ષ ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ આપતા બેંકના પ્રમુખ શ્રી. કાંતાબહેન ચાવડાએ જણાવ્યું કે, આ પાછલું વર્ષ આપણાં સૌના માટે કસોટીનું વર્ષ હતું. સરકાર દ્વારા રૂા. ૫૦૦/-, ૧૦૦૦/-ની ચલણી નોટો ઉપર નોટબંધી અમલમાં મૂકવામાં આવી હતી. એક બાજુ મોટી નોટો પરત કરવા માટે બહેનોનો ધસારો જોવા મળે તો બીજી બાજુ નવી ચલણી નોટો રિઝર્વ બેંકમાંથી મેળવી બહેનો સુધી પહોંચાડવાની જરૂરિયાત પણ ખરી. જો કે બધાં જ સભ્ય બહેનો તથા થાપણદારો બહેનોએ બહુ જ શિસ્તપૂર્વક પૈસાની લેવડદેવડ કરી, તો બેંકના કાર્યકર્તા બહેનોએ પણ ચીવટ અને ધીરજથી સેવાઓ આપી. કાળા નાણાંપતિઓ તરફથી આવતા પ્રલોભનો સામે બહેનો નખશિખ ટકી રહ્યા. બેંકના કાર્યકર્તાઓ તેમજ સ્ટાફે તેમને સામી સમજ આપવામાં દિનરાત એક કર્યા છે. તેની આજે ગૌરવથી નોંધ લઇએ.

આ કસોટીના સમયે બધાં જ બહેનોએ સહકારથી કામ કર્યું અને જ્યારે જરૂર પડી ત્યારે પોતાની જરરિયાત ઓછી કરીને બીજાને જરૂર જેટલા પૈસા મળી રહે તે માટે સહકાર આપ્યો. જો કે

***સભાસદ :*** ગયા વર્ષે સભાસદ સંખ્યા ૧,૦૫,૭૯૯ હતી તેમાં ૭૫૫૨નો વધારો થતાં ૧,૧૩,૩૫૧ની થઈ છે.

***શૅરભંડોળ :*** ગયા વર્ષે શેરભંડોળ રૂ.૧૧,૧૦,૬૧,૨૨૦/- હતું. ચાલુ વર્ષે તેમાં રૂ.૧,૪૬,૨૯,૬૧૦/- નો વધારો થતાં રૂ. ૧૨,૫૬,૯૦,૮૩૦/- થયું છે.

***થાપણો :*** ગયા વર્ષે કુલ થાપણો રૂ. ૧,૭૨,૨૧,૩૩,૭૦૦/- હતી, ચાલુ વર્ષે કુલ થાપણો રૂ.૨,૪૩,૭૩,૮૦,૦૦૦/- થઈ છે.

***થાપણ ખાતા :*** ગયા વર્ષે ૪૩૨૮૧૬ બહેનોના બચતખાતાં હતાં. તેમાં ૩૮૮૩૭ખાતાંનો વધારો થતાં ચાલુ વર્ષે કુલ ૪૭૧૬૫૩ ખાતાં થયા છે.

***કાર્યકારી મૂડી :*** ગયા વર્ષે રૂ.૨,૬૧,૩૧,૨૩,૦૦૦/- હતી. ચાલુ વર્ષે તેમાં રૂ.૮૪,૬૨,૧૨,૦૦૦/-નો વધારો થતાં કુલ કાર્યકારી મૂડી રૂ. ૩,૪૫,૯૩,૩૫,૦૦૦/- થઈ છે.

***ધિરાણ :*** ગયા વર્ષે ધિરાણ લીધેલી બહેનોની કુલ સંખ્યા ૨૧૧૭૩૬ હતી અને કુલ ધિરાણ રૂ. ૧,૧૪,૩૭,૯૮,૦૦૦/- હતું. ચાલુ વર્ષે ધિરાણ લેતા બહેનોની સંખ્યા ૨૨૬૨૪૯ થઈ છે અને ધિરાણ રૂ. ૧,૪૮,૪૨,૦૮,૦૦૦/- થયું છે.

***નફો :*** ગયા વર્ષે ચોખ્ખો નફો રૂ.૧,૯૨,૪૭,૨૪૫/- હતો. ચાલુ વર્ષે બૅન્કનો ટેક્ષનો જોગવાઇ કર્યા પહેલાનો નફો રૂ. ૩,૬૬,૧૪,૩૩૯/છે. તેમાંથી રૂ. ૮૫,૦૦,૦૦૦/-ની આવકવેરાની જોગવાઇ કર્યા બાદ રૂ. ૨,૮૧,૧૪,૩૩૯/- નફો થયો છે.

# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :

૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭


શ્રી મહિલા સેવા સહકારી બેંક લિમિટેડની ૪૩મી સ્થાપના દિવસ નિમિતે આકર્ષક ભેટ યોજના તા.૨૦/૦૫/૨૦૧૭થી શરૂ કરવામાં આવે છે આ યોજનાનો લાભ મેળવવા આપણી નજીકની સેવા બેંકની શાખામાં સંપર્ક કરો.

# "અટલ પેન્શન યોજના"

## સાથે હવે આપણે નિવૃત થઈ શકીએ છીએ.

અટલ પેંશન યોજના

**ખેડૂતો, શ્રમિકો અને અસંગઠિત ક્ષેત્રનાં અનય સ્વરોજગાર નાગરિકો માટે ભારત સરકારની પેન્શન યોજના**

* અટલ પેન્શન યોજનામાં ખાતું ખોલાવો અને દર માસે નિયત તારીખે નિયત રકમ તમારાં બચત ખાતામાં જમાં કરાવો અને નિશ્ચિત પેન્શનની રકમનો લાભ મેળવો.
* ૧૮ થી ૪૦ વર્ષની કોઈ પણ વ્યક્તિ આ યોજના હેઠળ પેન્શનનો લાભ લઈ શકે છે.
* આ યોજનામાં સભ્યોનું બચત ખાતું હોવું ફરજીયાત છે. જે સભ્યોના બચત ખાતા હોય તેમણે પોતાની પાસબુક સાથે લાવવી જરૂરી છે.
* બચત ખાતું ખોલાવવા માટે કે.વાય.સી. ધોરણો મુજબ કલર પાસપોર્ટ સાઈઝના ૨ ફોટા, આધાર કાર્ડ, ફોટાવાળું ઓળખપત્ર અને રહેઠાણનો પુરાવો આપવો જરૂરી છે.

## દર મહિને હપ્તો ભરવાની રકમનો કોઠો

| પ્રવેશ માટેની ઉંમર | માસિક પેન્શનની રકમ રૂ.૧૦૦૦ | માસિક પેન્શનની રકમ રૂ.૨૦૦૦ | માસિક પેન્શનની રકમ રૂ.૩૦૦૦ | માસિક પેન્શનની રકમ રૂ.૪૦૦૦ | માસિક પેન્શનની રકમ રૂ.૫૦૦૦ |
|---|---|---|---|---|---|
| ૧૮ | ૪૨ | ૮૪ | ૧૨૬ | ૧૬૮ | ૨૧૦ |
| ૨૦ | ૫૦ | ૧૦૦ | ૧૫૦ | ૧૯૮ | ૨૪૮ |
| ૨૫ | ૭૬ | ૧૫૧ | ૨૨૬ | ૩૦૧ | ૩૭૬ |
| ૩૦ | ૧૧૬ | ૨૩૧ | ૩૪૭ | ૪૬૨ | ૫૭૭ |
| ૩૫ | ૧૮૧ | ૩૬૨ | ૫૪૩ | ૭૨૨ | ૯૦૨ |
| ૪૦ | ૨૯૧ | ૫૮૨ | ૮૭૩ | ૧૧૬૪ | ૧૪૫૪ |

**નોંધઃ દર મહિને નિયમિત હપ્તા ભરો અને ઉપર બતાવ્યા મુજબ પેન્શન મેળવો.**

થોડા સમય માટે બહેનોને ધિરાણ આપી શકાયું નહીં. તે માટે હું બેંક વતી દિલગીરી વ્યક્ત કરું છું. મને જણાવતા આનંદ થાય છે કે દર વખતની જેમ આ વખતે પણ ૯% ડિવિડન્ડ જાહેર કરવામાં આવ્યું છે.

બહેનોએ શાંતિથી બેંકની પ્રવૃત્તિઓ તથા નાણાંકીય અહેવાલ શાંતિથી સાંભળ્યો તથા સમજ ના પડી ત્યાં પ્રશ્નો પૂછ્યા. દર વખતની જેમ બેંકના સભ્યોએ બેંકના નવા પ્રતિનિધિઓને ચૂંટ્યા, જેમાં ઘણાં પ્રતિનિધિઓ યુવાન નવી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે.

બૉર્ડના નવા પ્રતિનિધિ બહેનોમાં માથોડા મજૂરી, શાકભાજી, રેડીમેડ, કાગળકામ, બ્યુટીપાર્લર, ખેતી તથા પશુપાલન, નાસ્તાકામ, સગડી ચૂલા તથા ભંગારકામ, કડિયાકામ વ્યવસાયના પ્રતિનિધિઓ ચૂંટાયા. બધા જ બહેનોએ વધુ ને વધુ બહેનોનો સેવાબેંકની બધી જ યોજનાઓમાં જોડવાની વાત કરી તેમજ તે જે વ્યવસાય કરે છે તેમાં આધુનિકતા લાવવાની પણ વાત કરી. દા.ત. રેડીમેડ કામ કરનાર બહેન પણ આધુનિક સાધનો વાપરવાની તાલીમ લઇ બીજા બહેનોને પણ આ તાલીમ આપે છે. દરેક બહેન આત્મવિશ્વાસ સાથે મંચ ઉપર આવીને પોતાના જીવનના પરિવર્તનની વાત કરતા જોઇને ખરા અર્થમાં બહેનોની સહકારી સેવા બેંકની સફળતાના દર્શન થતા જોવા મળ્યા.

અન્ય સભ્ય બહેનો તથા થાપણદારોએ પણ એક પછી એક મંચ પર આવી તેમની બચત-વ્યવસાયમાં થયેલ સુધારા તથા તેમાંથી ધિરાણ લઇ અને ધંધાની પ્રગતિની વાત કરી હતી.

હંમેશની જેમ વાર્ષિક મીટિંગ એટલે બહેનોને ‘મારી બેંક’ અને તેનો વિકાસ સાથે સાથે પોતાનો વિકાસ અને તેમનું તેને ગૌરવ છે તેનું આહ્‌વાન પણ થયું. પોતે આર્થિક રીતે સ્વાવલંબી થયા, મારા શેરમાં મને ડિવિડન્ડ મળ્યું અને તેનાથી બેંકમાં ‘ભાગીદારી’નો આનંદ દેખાયો.

*- જયશ્રી વ્યાસ*

*મેનેજીંગ ડિરેક્ટર, સેવા બેંક*

❑

# ખુદાની ઈબાદતનો માહ - રમજાન ઈદ મિલનના પર્વની ઉજવણી....

‘રમજાન મહિનો એટલે ઈબાદતનો મહિનો. આપણાં મુસ્લિમ બિરાદરો માટે પવિત્ર મહિનો કહેવાય.’ પ્રસંગ હતો ઈદ મિલનનો. તા. ૨૮ જૂનના રોજ ઢાળની પોળની ‘સેવા’ની હવેલીમાં ઈદ મિલનના કાર્યક્રમનું આયોજન થયું.

‘સેવા’ની પ્રણાલિ પ્રમાણે આરંભે સર્વધર્મ પ્રાર્થના થઇ. હવે મારે રમજાન પાક મહિનાનો મહિમા સમજાવવાનો હતો. આમ તો દરેક ધર્મ આપણને દયા, પ્રેમ, શાંતિ, કરુણા, સમતાના પાઠ શીખવે જ છે. મુસ્લિમ ભાઇ-બહેનો માટે પણ આ પાક મહિનો સાચો મુસલમાન કોણ એ વાક્યને આત્મસાત કરવાનો અને ઇબાદત કરવાનો મહિનો છે. ‘સેવા’ના મંત્રી યાસ્મીનબહેને વાત કરી.

સાચો મુસલમાન કોણ ? પાયાના વચનો યાદ રાખવાના.

અલ્લાહ-ખુદા પર યકીન (ભરોસો-વિશ્વાસ) રાખવો, નમાઝ કાયમી કરવી. આખા મહિનાના રોજા રાખવા. જકાત (દાન) આપવું. હજ કરવી (જો સક્ષમ હોય તો).

મુસ્લિમ ધર્મમાં ચાંદનો મહિમા વધારે. એટલે કોઇ પણ તહેવાર ચાંદ જોઇને જ મનાવવામાં આવે છે. રમજાન માસનો ચાંદ પણ દેખાય અને ઇદનો ચાંદ પણ દેખાય. મોટાભાગે રોજા ૨૯ કે ૩૦ દિવસના હોય છે. રમજાન માસ ઇસ્લામિક કેલેન્ડર પ્રમાણે નવમો મહિનો છે.

રમજાન મહિનો ઇબાદતનો મહિનો પણ સાથે સાથે કઠીન પણ ખરો. આખો દિવસ અન્નનો દાણો તો નહીં જ પણ એક બુંદ પાણી પણ હોઠને સ્પર્શ ન થાય એનું ધ્યાન રાખવાનું. આ મહિનો ઇન્સાન અને અલ્લાહ વચ્ચેની દૂરી ઘટાડે છે. આ મહિનામાં જકાત-ખેરાતનો મહિમા છે. વ્યસનોથી લોકો દૂર રહે છે. એકબીજા સાથે સારો વ્યવહાર કરે છે. આમ તો આ નિયમો જીવનપર્યંત રાખવાના હોય પણ આ પવિત્ર દિવસો એ વિચારોની યાદ તાજી કરાવે છે.

મારી વાતો સાથે બહેનોએ પણ પોતાનો સૂર પૂરાવ્યો.

- મહેઝબીનબહેન કહે, રોજા રાખવા એટલે માત્ર પાણી અને ખોરાકનો ત્યાગ કરવો એટલું જ નહીં પણ સાથે-સાથે આચાર-વિચાર સારા રાખવા, વાણી-વર્તન ને વ્યવહાર પણ સારા રાખવા, જરુરતમંદોને મદદ કરવી, આપણી આસપાસના લોકો ભૂખ્યા ના રહે તેનું ધ્યાન રાખવું. આ જ રોજાનો અને રમજાનનો મહિમા છે.

- દરેક ધર્મ લોકો માટે જ હોય છે એટલે સમુદાયનું હિત પણ જોવાનું હોય છે. રોજામાં બીમાર, અશક્ત, બાળકો, સગર્ભા/ધાત્રી બહેનોને રોજાની છૂટ આપવામાં આવી છે. આ મહિનો ખાસ તો ગુન્હાઓની માફી માંગવાનો છે. શહેનાઝ બહેને પણ પોતાના વિચાર દર્શાવ્યા.

- મિરાઇબહેને દરેક ધર્મ શાંતિ અને સદ્‌ભાવનાની જ વાત કરે છે તેમ કહેતાં ઉમેર્યું કે ઇસ્લામ ધર્મ પણ શાંતિનો સંદેશ આપે છે. બસ બધા એકબીજાના ધર્મને સમજે, માન આપે અને સાથે રહે તેવી જ પ્રાર્થના કરીએ.

- ઈદ મિલનના આ પર્વે રેનાનાબહેને ટેકનોલૉજીનો વધી રહેલો ઉપયોગ અને તેના સારા-માઠા પરિણામોની પણ તકેદારી રાખવી પડશે. કોઇ પણ સંદેશો આપણી સુધી પહોંચે એટલે એને વાંચીને એના વિશેની ખાતરી-ચકાસણી કરીને જ એને આગળ મોકલવો. આવી રીતે જ આપણે ધર્મ સાથે સંકળાયેલી ખોટી વાતોને ફેલાતા રોકી શકીશું ને શાંતિ-અમન સ્થાપી શકીશું. અને આ આપણાં સહુની નૈતિક જવાબદારી છે.

- અંતમાં ઈલાબહેને પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું, બધાં ધર્મોમાં જે સારી વાતો છે તે જોતા ખબર પડશે કે બધાં જ ધર્મો એક જ સંદેશ અલગ-અલગ રીતે દર્શાવે છે પણ ભાવાર્થ તો એક જ છે. ઈસ્લામની એક વાત મને બહું ગમે છે. એમાં લખ્યું છે કે, તમારા ઘરની ડાબી-જમણી બંને બાજુના ઘરમાં કોઇ ભૂખ્યું ના રહે તે જોવાની આપણી સહિયારી જવાબદારી છે. જો આટલી જ વાત બધા સમજે અને તેનો અમલ કરે તો સમાજમાં કેટલું મોટું પરિવર્તન આવી શકે. આખા દેશમાં કોઇ જ ભૂખ્યું ના રહે. એકબીજાનું ભલું ઈચ્છે તો પ્રેમભાવ વધે.

ઈદ મિલનનો પર્વ ઉજવાતો હોય ને શીરખુરમા ના હોય તે કેવી રીતે ચાલી શકે. સહુ બહેનોએ શીરખુરમાની મિજબાની માણી અને એકબીજાનું મોઢું મીઠું કરાવ્યું અને ઈદની શુભકામનાઓ પાઠવી.

*- યાસ્મીન*

❑

# બહુમુખી હરિયાળો સોલર પંપ

મેઘરાજાની પધરામણી થઇ અને કાળઝાળ ગરમીથી રાહત મળી. પણ, ૨૧ અને ૨૨ જૂન ૨૦૧૭ના બે દિવસ પડેલા ભારે વરસાદે આણંદ જિલ્લાના દેવપુરા ગામમાં આફત સર્જી. 'સેવા'એ આ ગામમાં ૧૯૯૭થી સંગઠનના કામની શરુઆત કરી હતી. આ ગામમાં ૩૦૦ જેટલા કુટુંબોનો વસવાટ છે. ભારે વરસાદ પડે એટલે સૌપ્રથમ વીજળી ખોરવાય. અંધારામાં રાત ગુજારવાની એ તો માની જ લેવાનું અને એના માટે હાથવગી સગવડ પહેલેથી જ કરી રાખવાની હોય. આટલી સમજ તો ગ્રામજનોમાં હવે આવી જ ગઇ હોય. પણ, વીજળી ખોરવાઇ એટલે ગામનો પંચાયતનો બોર કે જે એકમાત્ર ગામને પાણી પહોંચાડવાનો સ્રોત હતો તે પણ વીજપૂરવઠાના અભાવે બંધ પડ્યો.

હવે ૩૦૦ કુટુંબોને પાણી કેવી રીતે પહોંચાડવું ? પાણી તો પાયાની જરૂરિયાત. આ પરિસ્થિતિમાં મહિસાગર સેવા જૂથના સભ્યો વહારે આવ્યા. આ સભ્યબહેનો મૂળે તો 'સેવા'ની હરિયાળી પ્રવૃત્તિ હેઠળ એક નવો પ્રયાસ હતો જેમાં સીમાંત ખેડૂત બહેનોને સંગઠિત કરી ૨૧મી એપ્રિલ ૨૦૧૭ના રોજ એક સંયુક્ત ભાગીદારી જૂથ બનાવ્યું છે અને તેનું નામ 'મહિસાગર સેવા સંયુક્ત જવાબદારી જૂથ' આપવામાં આવ્યું.

આ જૂથનો મુખ્ય હેતુ નાના ખેડૂતોને સિંચાઇ માટે પાણી મળે અને તે ઋતુમાં ખેતી કરી શકે જેથી તેમની આવકમાં સુધારો થાય અને ખેડૂતો ડીઝલ પંપના વપરાશને બદલે સ્વચ્છ ઉર્જા અને સોર્ય ઉર્જાથી ચાલતો સોલાર સિંચાઇ પંપ વાપરે જેથી તેમના ખર્ચમાં ઘટાડો થાય અને બચત કરી શકે તે છે. આ જૂથના બહેનોએ સોલાર સિંચાઇ પંપ શરું કર્યો. પાણી આવવાની શરુઆત થઇ ગઇ. ગામમાં ચારેકોર વાત ફેલાઇ ગઇ. આટલા ભારે વરસાદ અને ઘેરાયેલા વાદળોની વચ્ચે પણ પંપ ચાલું થઇ ગયો. બે દિવસથી પાણી માટે અટવાતા બહેનો બેડા લઇને પાણી ભરવા માટે ઉમટવા માંડ્યા. બહેનો સતત બે દિવસ જૂથના પંપ પર પહોંચી પાણી ભરી ગયા.

'સેવા'ના અનુભવ પરથી સમજાયું છે કે બહેનોની પાયાની જરૂરિયાતો પર સૌથી પહેલાં કામ થવું જોઇએ તો જ પરિવારની સગવડો સચવાય અને આર્થિક ઉપાર્જનમાં બહેનો શાંતિથી કામ કરી શકે. 'સેવા'ના સભ્યબહેનો અસંગઠિત ક્ષેત્ર સાથે જોડાયેલ હોય એટલે આર્થિક વળતર ઓછું મળે, સામાજિક સુરક્ષા ઓછી હોય, પ્રાથમિક સગવડોનો અભાવ, બાળસંભાળ, આરોગ્ય, આવાસથી વંચિત રહી જાય. અને એટલે જ 'સેવા'નો સંપૂર્ણ રોજગાર અને સ્વાવલંબી આ ધ્યેય સભ્ય બહેનોને સ્વયં સંચાલિત બનાવે છે, આર્થિક-સામાજિક સ્તરના નિયમો લેવા માટે સક્ષમ બનાવે છે.

અને આ ધ્યેય સિદ્ધ કરવા 'સેવા'એ સંકલિત અભિગમ અપનાવ્યો જે જરૂરિયાત આધારિત, માંગ આધારિત અને આર્થિક ક્ષમતા નિમાર્ણ પર ભાર મૂકે છે. સેવા સસ્ટેનેબલ ઓર્ગેનાઇઝેશન (જે સ્થિર હોય) કે જે બહેનો દ્વારા ચલાવવામાં આવતા અને પોતાની માલિકી ધરાવતા સંગઠનને સરળ બનાવવામાં મદદ કરે છે જે તેમને આર્થિક સ્વતંત્રતા તરફ દોરી જાય છે.

વીજળી કંપની ખેડૂતોને ખેતી વપરાશ માટે મળતા વીજળી જોડાણ માટે ૮ કલાક જ વીજળી મળે છે અને તે પણ બધા દિવસે એક જ સમયે નહીં એક અઠવાડિયે દિવસે ૮ કલાક મળે તો બીજા અઠવાડિયે રાત્રે વીજળી મળે. જયારે વીજળી ન હોય ત્યારે ખેડૂત બહેનોને ડીઝલની મદદથી પંપ ચલાવવો પડયો હોય છે તેમજ રાત્રી દરમિયાન પાણી મળતા રાત્રે જાગવું પડતું હોય છે જેમાં ૨ વીઘા જમીનમાં એક પિયત કરવા માટે ૫ લીટર ડીઝલ વપરાશ થાય છે જેનો ખર્ચ અંદાજિત ૩૫૦ રૂપિયા છે અને ડીઝલ લાવવા માટે પણ તેમને ગામથી દૂર જવું પડે જેનો ખર્ચ પણ તેમને જ ભોગવવો પડે છે.

કેટલાય એવા નાના ખેડૂતો છે જેમને મોટા ખેડૂતો પાસેથી સિંચાઇ માટે પાણી લેવા નિર્ભર રહેવું પડતું હોય છે અને પાણી ન મળતા તે જે તે મોસમનો પાક લઇ શકતા નથી અને એકલ દોકલ રીતે મળતી રોજગારી તરફ જતા રહે છે.

આ બધી મુશ્કેલીઓ અને પ્રશ્નોની ખેડૂત મંડળી અને ખેડૂત બહેનો 'સેવા'ની ધંધા સમિતિમાં અવાર-નવાર કરતા અને તેથી

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2015-17
Issued by S.S.P. Valid up to 31-12-2017.

Ahmedabad P.S.O.
22-07-2017

જ સમિતિએ નાના ખેડૂતોને પાણી મળે અને તે ખેતીની પ્રવૃતિમાં જોડાઇ રહે તે માટે એક જૂથ અને જૂથના નામ સોલાર સિંચાઇ પંપ મળે એવો એક પ્રયાસ કર્યો.

૧૩ મે ૨૦૧૭ના દિવસે જૂથના સભ્યો અને ગામના લોકો માટે ઉત્સુકતા અને જાગૃતતાનો દિવસ બની રહ્યો કારણ કે આ જ દિવસે 'સેવા'નો પહેલો સોલાર સિંચાઇ પંપ જૂથના માધ્યમથી લગાડવામાં આવ્યો. જૂથના સભ્યો માટે તો આ સોલાર સિંચાઇ પંપ જાણે નવી ટેકનોલોજીનો જમાનો આવી ગયો એવું લાગ્યું.

સોલાર પંપથી આફતના ટાણે ગામના ઘરે ઘર પાણી પહોંચ્યા ને આ વાતની જાણ થતા ગ્રામ પંચાયતના સભ્યોએ જૂથના સભ્યોને વધાવી લીધા અને 'સેવા' સંગઠનનો માટે આભાર વ્યક્ત કર્યો.

સોલાર ઉર્જા જે કુદરતી દેન છે તેનો આફત સમયે કેવો ઉપયોગ કરી શકાય તે દેવરામપુરાના સેવા મહીસાગર સેવા જૂથના સભ્યો એ પૂરવાર કર્યું.

*- લલિતા, પલક*

❑

## સેવા સમાચાર

તા. ૧૩-૧૪ જૂલાઇના રોજ નાસવી, વેચનારના સંગઠનોનું રાષ્ટ્રીય નેટવર્ક છે જેના સ્થાપક 'સેવા' સંગઠન. તેની કારોબારીની મીટિંગ દિલ્હીમાં યોજાઇ ગઇ જેમાં, નાસવીના હોદ્દેદારોની ચૂંટણી હતી. મનાલી શાહ સર્વસંમતિથી નાસવીના પ્રમુખ તરીકે ચૂંટાયા.

અભિનંદન.. ❑

## અનસૂયા

- ૩૫માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

***દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.***

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, sewaacdy@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **22-07-2017**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001